# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૧/૯૨૬૫ તા.૨૨/૧૨/૨૦૨૧

પરિપત્ર- ૨૫૯

વિષય:- પંચમહાલ જીલ્લાની કોલેજોમાં થેલેસેમિયા સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવા બાબત.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન પંચમહાલ જીલ્લાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓને ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, ગોધરાના તા.૧૬/૧૧૨/૨૦૨૧ના પત્રથી જણાવવાનું કે કોરોના મહામારીના કારણે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કોલેજો ખાતે થેલેસેમીયા સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન થઇ શકેલ નથી જે અન્વયે વર્તમાન સમયમાં ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, ગોધરા દ્વારા થેલેસેમીયા ટેસ્ટની કામગીરી વધુ સફળતાપૂર્વક અને સલામતી સાથે સરકારશ્રીની કોવિડ-૧૯ ગાઈડલાઈન્સ સાથે આપની કોલેજના વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ થઇ શકે તે માટે ટોકન ચાર્જ રૂ.૧૫૦/-ના દરે શૈક્ષણિક વર્ષ પૂરું થાય તે પહેલા આપની કોલેજોમાં આ કેમ્પનું સફળતા પૂર્વક આયોજન કરવા નમ્ર વિનંતી છે. આપની કોલેજનું રજીસ્ટ્રેશન કરાવવા ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, ગોધરાના ઈ-મેઈલ આઈડી અને સરનામે કેમ્પના આયોજન કરવા અંગેનો આપની કોલેજનો વિનંતી પત્ર મોકલી આપશો જેથી આપની કોલેજ/સંસ્થા ખાતે કેમ્પનું આયોજન સફળતા પૂર્વક કરી શકાય.

સરનામું:- ચેરમેનશ્રી, ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી, ઇન્કમટેક્સ ઓફીસની સામે, સિવિલ લાઇન્સ રોડ, ગોધરા-૩૮૯૦૦૧, પંચમહાલ, ગુજરાત.

ઈ-મેઈલ આઈ.ડી.:- ircsgodhra@gmail.com

મોબાઈલ નં:- ૯૪૨૮૧૨૦૨૬૦/૯૮૨૪૪૨૦૨૬૦

Patel

ઈ. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ- ઉપર મુજબ.

પ્રતિ,

- યુનિવર્સિટી સંલગ્ન તમામ પંચમહાલ જીલ્લાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

*Through Humanity To Peace* Tel. : (02672) 252830, 252831, M. 9428120260

# INDIAN RED CROSS SOCIETY, GODHRA

## St. JOHN AMBULANCE (INDIA) GODHRA

PANCHMAHAL DISTRICT BRANCH

BLOOD CENTRE, GODHRA (FDA Lic. No. G.B./104)

(Donation to this Society is exempted from income Tax (As per Dy. I.T. Delhi, No. : DIT (E) 2005-2006/I-759/99/1929 Dt. 14-10-05)

**Opp. Income Tax Office, Civil Lines, Godhra - 389 001. PMS. (Gujarat). E-mail : ircsgodhra@gmail.com**

**Sujal Mayatra (IAS)**
*Collector-Panchmahal & President*

**N. B. Rajput (GAS)**
*SDM & Vice President*

**Dr. J. V. Bholanda**
*Hon. Chairman*

**Suresh Derai**
*Hon. Vice Chairman*

**Bhavindra Taneja**
*Hon. Treasurer*

**Dr. Sujat Vali**
*Hon. Secretary*

**Dhavalkumar Shah**
*Hon. Convener*

Ref. No. : IRCS/ 628/21-22 Date : / /202

તારીખ : ૧૬-૧૨-૨૧.

Shri Govind Guru University
GODHRA
Inward No. : 6926
Date : 20/12/2021
Branch :

5835

પ્રતિશ્રી,
મા. રજીસ્ટ્રારશ્રી,
શ્રી ગોવિંદ ગુરુ યુનીવર્સીટી, ગોધરા.

વિષય: પંચમહાલ જીલ્લાની કોલેજોમા થેલેસીમિયા સ્ક્રીનીગ કેમ્પનું આયોજન કરવા બાબત.

માનનીય સાહેબ,

ઇન્ડીયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા એ માનવતાવાદી કામગીરીમાં અગ્રસ્થાન ધરાવે છે.આવીજ એક માનવતાવાદી કામગીરી એટલે કે ગુજરાત રાજ્યને થેલેસીમિયા મુક્ત બનાવવાના ધ્યેયને અનુલક્ષીને વર્ષ ૨૦૦૪ થી થેલેસીમિયા એન્ડ સિકલસેલ, પ્રિવેન્સ, કંટ્રોલ એન્ડ રીસર્ચ પ્રોગ્રામ શરુ કરવામાં આવ્યો છે.જે અંતર્ગત ગુજરાત રાજ્યની વિવિધ યુનીવર્સીટી હસ્તક કોલેજમાં અભ્યાસ કરતા ૨૫ લાખથી વધુ વિદ્યાર્થીઓને થેલેસીમિયા ટેસ્ટ કરી જરૂરી માર્ગદર્શન આપેલ છે.

વર્ષ ૨૦૨૦ એ કોરોના વાઈરસની મહામારી વચ્ચે પસાર થયું જેમાં પંચમહાલ જીલ્લામાં આવેલ કોલેજોમા શૈક્ષણિક કાર્યને પણ વ્યાપક અસર થવા પામી છે ઇન્ડીયન રેડ ક્રોસ સોસાયટી પંચમહાલ જીલ્લા શાખા ધ્વારા કોરોના મહામારી પહેલા નિયમિત થેલેસીમિયા સ્ક્રીનીગ કેમ્પ કરવામાં આવતા હતા જે અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦મા આપની કોલેજના વિદ્યાર્થીઓનાં થેલેસીમિયા ટેસ્ટ કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડેલ છે જે મુજબ આ ઉમદા કામગીરી ને સફળ બનાવવા આપના સહકારની જરૂર છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ પ્રવેશ મેળવી ચુકેલા વિદ્યાર્થીઓનો વર્તમાન સમયમાં અમારી સંસ્થા ધ્વારા થેલેસીમિયા ટેસ્ટની કામગીરી વધુ સફળતાપૂર્વક સલામતી સાથે સરકારશ્રીની કોવિડ-૧૯ ગાઈડલાઈન્સ (ફેસમાસ્ક, સેનીટાયઝર, સોસીયલ ડિસ્ટન્સ) સાથે કોલેજના વિદ્યાર્થીઓને થેલેસીમિયા ટેસ્ટ થઇ શકે તે માટે ટોકન ચાર્જ રૂપિયા ૧૫૦/- નાં દરે શૈક્ષણિક વર્ષ પૂરું થાય તે પહેલા આપના તાબા હેઠળની દરેક કોલેજને આ કેમ્પનું સફળ આયોજન કરાવવા જરૂરી સુચના આપવા આપશ્રીને અમારી તરફથી નમ્ર વિનંતી છે. જે માટે અમારી સંસ્થાનાં કોન્ટેક નંબર અને ઈમેઈલ એડ્રેસ નીચે આપેલ છે અને આ સિવાય પણ અમારી સંસ્થાના બ્લડ સેન્ટર ખાતે પણ થેલેસીમિયા સેટેલાઈટ સેમ્પલ કલેક્શન પણ કરવામાં આવે છે તેનો પણ લાભ લેવા જણાવવા વિનંતી છે.

અમારી સંસ્થાનું ઈમેઈલ એડ્રેસ : **ircsgodhra@gmail.com**
ફોન નંબર: (૦૨૬૭૨) ૨૫૨૮૩૦-૩૧
મોબાઈલ : ૯૪૨૮૧ ૨૦૨૬૦ / ૯૮૨૪૪ ૨૦૨૬૦

આભાર સહ,

આપનો સ્નેહાધીન

ડૉ. જયપ્રકાશ ભોલંદા
માનદ ચેરમેન